# AJEET B. LAKUM

B.Com LL.B. (ADVOCATE)

**Office :** 113, Jal Darshan Complex, Opp. Navadi Ovara, Near Bahumali, Nanpura, Surat.

Date:- 24/09/2021

## !! મિલકત અંગેનો ટાઈટલ રીપોર્ટ !!

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા અડાજણ (સુરત સીટી) ના ગામ **મોજે કોસાડ** ના રેવન્યુ સર્વે નંબર ૩૦૧, **બ્લોક નંબર ૪૯૪** કે જેનુ ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ હે. આરે. ૦–૯૬–૧૧ ચો.મી. છે. જે જમીન પૈકી ૯૨૫૧ સમચોરસ મીટર જમીનને **ટાઉન પ્લાનીગ સ્કીમ નંબર ૪૬** (ગોથાણ– ભરથાણા કોસાડ – કોસાડ – વરીયાવ) લાગુ પડતા **ફાયનલ પ્લોટ નંબર ૨૧૩** અને ક્ષેત્રફળ ૫૫૫૧ સમચોરસ મીટર ફાળવવામાં આવેલ. જે બીનખેતીની જમીનમાં ઔદ્યોગીક હેતુ માટે આયોજીત **"વેદાંત ટેક્ષો–બી"** ના નામે ઓળખાતી મિલકતનો ટાઈટલ રીપોર્ટ...

**મિલકતના માલિકનું નામ :–**

**હરે ક્રિષ્ના ઈન્ફ્રા એક ભાગીદારી પેઢી**

ઠે. એચ–૨૦૧–૨૦૪, લેક પોઈન્ટ, કોસાડ તળાવની સામે, કોસાડ, સુરત.

સદર મિલકત અંગેનો મારો અભિપ્રાય આ પ્રમાણે છે કે...

**(૧)** ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા અડાજણ (સુરત સીટી) ના ગામ **મોજે કોસાડ** ના રેવન્યુ સર્વે નંબર ૩૦૧, **બ્લોક નંબર ૪૯૪** થી નોંધાયેલ આખી જમીનના ટાઈટલની વિગત એવી છે કે...

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા અડાજણ (ચોર્યાસી) ના ગામ મોજે કોસાડ ના રેવન્યુ સર્વે નંબર ૩૦૧ વાળી જમીનનાં માલીક રામસિંહ પરથમસિંહ ચાલી આવેલા.

ત્યારબાદ મજકુર જમીન માલીક રામસિંહ પરથમસિંહ નું તારીખ ૦૫/૦૫/૧૯૩૨ ના રોજ અવસાન થવાથી તેમના સીધીલીટી ના વારસદારો તરીકે સતુબા તે રામસિંહ પરથમસિંહ ની છોકરી તથા બાઈ સીતા તે છીતાબાવા રામસિંહ બાવાની છોકરી ના નામો વારસાઈ હકકે દાખલ કરવામાં આવેલ. જે વારસાઈ અંગેની ફેરફાર રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રક માં નોંધ નંબર ૫૦૧ થી તારીખ ૧૧/૦૧/૧૯૩૩ ના રોજ કરવામાં આવેલ.

ત્યારબાદ સદર જમીનના માલીકો સતુબા તે રામસિંહ પરથમસિંહ ની છોકરી તથા બાઈ સીતા તે છીતાબાવા રામસિંહ બાવાની છોકરીઓ પૈકી સતુબા તે રામસિંહ પરથમસિંહ ની છોકરી નું નામ બ્રેકેટ/કમી કરવામાં આવેલ. જે અંગેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રક માં નોંધ નંબર ૮૬૫ થી કરવામાં આવેલ. જે સને ૧૯૨૮–૨૯ થી સને ૧૯૪૮–૪૯ સુધી ની ૭/૧૨ જોતા સ્પષ્ટ થાય

AJEET B. LAKUM G-829/03 SURAT ★ ADVOCATE ★

છે. પરંતુ સદર નોંધ નંબર ૮૬૫ નું રેકર્ડ ધોવાણ થઈ ગયેલ હોવાથી નકલ અવાચ્ય હોય, રેકર્ડ અવાચ્ય હોવા બદલનો દાખલો મામલતદારશ્રી અડાજણ દ્વારા તારીખ .../૦૧/૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ.

ડીસ્ટ્રીકટ સુરત, તાલુકા ચોર્યાસી ના ગામ મોજે કોસાડ ને ખેતીલાયક જમીન બાબતે એકત્રીકરણ યોજના મે. સેટલમેન્ટ કમીશ્નરશ્રીના હુકમ ક્રમાંક કોન/સુરત/ ૮૩૩ સને ૧૯૮૧ થી મંજુર કરેલ અને ગુજરાત રાજયના પુરવણી રાજયપત્રના ભાગ–૧ ના પાના નંબર ૧૭૬ ઉપર તારીખ ૧૯/૦૩/૧૯૮૧ થી પ્રસિધ્ધ થયેલ અને તારીખ ૦૬/૦૫/૧૯૮૧ ના રોજ સદર યોજના સંપુર્ણ રીતે અમલમાં આવતા તે અંગેના એકત્રીકરણ અંગેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રક માં નોંધ નંબર ૪૫૭૩ થી તારીખ ૧૦/૧૦/૧૯૮૩ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ તારીખ ૧૦/૦૨/૧૯૮૪ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ અને તે રીતે રેવન્યુ સર્વે નંબર ૩૦૧ (એ. ૨–૧૫ ગુંઠા) વાળી જમીનને **"બ્લોક નંબર ૪૯૪"** હે. આરે. ૦–૯૬–૧૧ ચો.મી. આપવામાં આવેલ.

ત્યારબાદ પ્રાદેશીક ફેરફાર મુજબ સદરહું કોસાડ ગામને ચોર્યાસી તાલુકા માંથી કમી કરવા માટે મહે. કલેકટર સાહેબશ્રી સુરતનાં પત્ર નંબર–(જે)બખ/તપસ / વશી/૪૮૯૭/૦૬ તારીખ ૧૯/૧૦/૦૬ માં જણાવ્યા મુજબ સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં જાહેરનામાં નંબર– કેવી/૨૬/૦૬/ એસએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી તારીખ ૧૪/૦૨/૦૬ તથા જાહેરનામાં નંબર– કેવી/૨૧૨/૦૬/ એસએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી તારીખ ૨૦/૦૭/૦૬ થી આઠ નગર પાલીકા તથા ૨૭ ગામોનો સમાવેશ સુરત શહેરમાં કરવામાં આવેલ છે. જેથી કોસાડ ગામને ચોર્યાસી તાલુકા માથી કમી કરી સુરત શહેરમાં દાખલ કરવામાં આવેલ. જે પ્રાદેશીક ફેરફાર અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રકમાં અનુક્રમે નોંધ નંબર ૯૯૪૫ તથા નોંધ નંબર ૯૯૪૬ થી તારીખ ૨૨/૧૨/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ. જે નોંધો ત્યારબાદ અનુક્રમે તારીખ ૨૨/૧૨/૨૦૦૬ તથા ૨૬/૧૨/૨૦૦૬ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલીક સીતાબેન છીતાબાવા રામસિંહની છોકરી નું તારીખ ૨૬/૦૮/૧૯૯૯ ના રોજ અવસાન થવાથી તેમના સીધીલીટી ના વારસદારો તરીકે ચંદ્રસિંહ ખુમાનસિંહ, હેમાબેન બહાદુરસિંહ, ટીનાબેન બહાદુરસિંહ, દિલહરબેન બહાદુરસિંહ, દિપકસિંહ બહાદુરસિંહ, મનુબેન નટવરસિંહ, સગુણાબેન નટવરસિંહ, જયરાજબેન નટવરસિંહ, જયનાબેન નટવરસિંહ તથા કૌશિકસિંહ નટવરસિંહ ના નામો વારસાઈ હકકે દાખલ કરવામાં આવેલ. જે વારસાઈ અંગેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રક માં નોંધ નંબર ૧૦૮૫૫ થી તારીખ ૨૮/૦૩/૨૦૧૨ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ તારીખ ૧૦/૦૭/૨૦૧૨ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

સદરહું જમીનના માલીકો પૈકી ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકરોલાએ પોતાના હયાત વારસદારો કનુબેન ચંદ્રસિંહ બાકરોલા, હિતેન્દ્રસિંહ ચંદ્રસિંહ બાકરોલા, યોગેન્દ્રસિંહ ચંદ્રસિંહ બાકરોલા ના નામો તથા પ્રફુલાબેન જગતસિંહ કોસમીયા તે ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકરોલાની દિકરી ના નામો દાખલ કરવા સામાયીકપણાનો કરાર કરતા મજકુર વારસદારોના નામો સામાયીકપણામાં દાખલ કરવામાં આવેલ. જે સહભાગીદાર હકક દાખલ અંગેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રક માં નોંધ નંબર ૧૩૧૦૪ થી તારીખ ૨૨/૦૧/૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ તારીખ ૦૧/૦૩/૨૦૨૧ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

સદરહું જમીનના માલીકો પૈકી ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકરોલા, કનુબેન ચંદ્રસિંહ બાકરોલા, તથા પ્રફુલાબેન જગતસિંહ કોસમીયા તે ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકરોલાની દિકરીનાઓએ સદરહું જમીનમાં ચાલી આવેલ પોતાનો હકક, હિત, હિસ્સો હિતેન્દ્રસિંહ ચંદ્રસિંહ બાકરોલા, યોગેન્દ્રસિંહ ચંદ્રસિંહ બાકરોલા નાઓની તરફેણમાં બીનઅવેજી જતો કરેલ. જે હકક કમી અંગેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રક માં નોંધ નંબર ૧૩૧૦૫ થી તારીખ ૨૨/૦૧/૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ તારીખ ૦૧/૦૩/૨૦૨૧ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

સદરહું જમીન હરે ક્રિષ્ના ઈન્ફ્રા એક ભાગીદારી પેઢી યાને બીનખેડુત, ઔદ્યોગીક હેતુસારૂ ખરીદ કરવા માંગતા હોય, સદરહું જમીન બાબતે ગણોતધારાની કલમ–૬૩ હેઠળ પરવાનગી, મે. કલેકટર સાહેબશ્રી, સુરતના દ્વારા હુકમ નંબર ૩૭/૨૨/૧૬/૦૩૭/૨૦૨૧ થી તારીખ ૨૦/૦૧/૨૦૨૧ ના રોજથી ઔદ્યોગીક હેતુસારૂ વેચાણ કરવા જરૂરી પરવાનગી આપેલ છે. જે હુકમ અંગેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રકમાં નોંધ નંબર ૧૩૧૦૨ થી તારીખ ૨૦/૦૧/૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ તારીખ ૦૧/૦૩/૨૦૨૧ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા અડાજણ (સુરત સીટી) ના ગામ **મોજે કોસાડ** ના ખાતા નંબર ૨૦૫૯, રેવન્યુ સર્વે નંબર ૩૦૧, **બ્લોક નંબર ૪૯૪** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન જેનુ સુમારે ક્ષેત્રફળ હે. આરે. ૦–૯૬–૧૧ ચો.મી. જમીન પૈકી ૯૨૮૭ સમચોરસ મીટર જમીન કે જેને **ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર ૪૬** (ગોથાણ– ભરથાણા કોસાડ – કોસાડ – વરીયાવ) લાગુ પડતા **ફાયનલ પ્લોટ નંબર ૨૧૩** આપવામાં આવેલ છે. જેનું ફાયનલ પ્લોટ મુજબનું કુલ્લે ક્ષેત્રફળ ૫૫૭૨ સમચોરસ મીટર થાય છે. તે ગણોતધારા કલમ–૬૩ હેઠળ ઔદ્યોગીક હેતુસારૂ પરવાનગી મેળવેલ જમીન હરે ક્રિષ્ના ઈન્ફ્રા એક ભાગીદારી પેઢીએ તેના માલીક (૧) હેમાબેન બહાદુરસિંહ, (૨) ટીનાબેન બહાદુરસિંહ, (૩) દિલહરબેન બહાદુરસિંહ, (૪) દિપકસિંહ બહાદુરસિંહ, (૫) સગુણાબેન નટવરસિંહ,

(૬) જયરાજબેન નટવરસિંહ, (૭) જયનાબેન નટવરસિંહ, (૮) કૌશિકસિંહ નટવરસિંહ, (૯) યોગેન્દ્રસિંહ ચંદ્રસિંહ બાકરોલા તથા (૧૦) હિતેન્દ્રસિંહ ચંદ્રસિંહ બાકરોલા નાઓ કનેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રૂએ ખરીદ કરેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ–રજીસ્ટ્રાર સાહેબશ્રી રાંદેર–૮ ની કચેરીમાં અનુક્રમ નંબર ૩૬૯ થી તારીખ ૩૧/૦૩/૨૦૨૧ ના રોજ નોંધાયેલ. જે વેચાણ અંગેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રક માં નોંધ નંબર ૧૩૧૨૭ થી તારીખ ૦૩/૦૪/૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ ત્યારબાદ તારીખ ૦૫/૦૫/૨૦૨૧ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

સદરહું જમીનને બીનખેતી કરવા સારૂ હરે ક્રિષ્ના ઈન્ફ્રા એક ભાગીદારી પેઢીએ અરજ કરતા મહે. કલેકટરશ્રી સુરતનાએ તેમના હુકમ નંબર ૯૪૦/૨૨/૧૬/૦૩૭/૨૦૨૧, તારીખ ૧૩/૦૮/૨૦૨૧ ના રોજ સદર જમીનને ઔદ્યોગીક હેતુસારૂ બીનખેતી અંગેની જરૂરી પરવાનગી આપેલ છે. જે બીનખેતી હુકમ અંગેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નંબર ૬ હકકપત્રક માં નોંધ નંબર ૧૩૨૩૪ થી તારીખ ૧૩/૦૮/૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ.

સદરહું રેવન્યુ સર્વે નંબર ૩૦૧, **બ્લોક નંબર ૪૯૪ પૈકી ૯૨૮૭ સમ ચોરસ મીટર** વાળી જમીનનો સમાવેશ **ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર ૪૬** (ગોથાણ– ભરથાણા કોસાડ – કોસાડ – વરીયાવ) માં થતા ફાયનલ પ્લોટ નંબર ૨૧૩ ફાળવી ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ ૫૫૭૨ સમચોરસ મીટર ફાળવવામાં આવેલ. મજકુર બ્લોક નંબર ૪૯૪ પૈકી ટી.પી. સ્કીમ નંબર ૪૬ (ગોથાણ– ભરથાણા કોસાડ – કોસાડ – વરીયાવ) વાળી જમીન અંગે નગર રચના અધિકારી અને નગર નીયોજક–૧ દ્વારા તારીખ ૦૮/૦૧/૨૦૨૧ ના રોજ પત્ર નંબર નરયો/નંબર ૪૬(ગોથાણ– ભરથાણા કોસાડ – કોસાડ – વરીયાવ)/ઓ.પી. નંબર ૨૧૩/૧૪૨ થી અભીપ્રાય આવતા ઓ.પી. નંબર ૨૧૩ નું ક્ષેત્રફળ ૯૨૫૧ સમચોરસ મીટર ધ્યાને લઈ ફાયનલ પ્લોટ નંબર ૨૧૩ નું ક્ષેત્રફળ ૫૫૫૧ સમચોરસ મીટર આખરી કરવામાં આવેલ. જે બીનખેતીની જમીનમાં ઔદ્યોગીક હેતુસારૂ વિકાસ કાર્ય કરવા સુરત મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા તેમના પત્ર નંબર 002LD21220047 થી તારીખ ૨૩/૦૯/૨૦૨૧ ના રોજ જરૂરી વિકાસ પરવાનગી આપેલ છે.

આમ, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા અડાજણ (સુરત સીટી) ના ગામ **મોજે કોસાડ** ના ખાતા નંબર ૨૦૫૯, રેવન્યુ સર્વે નંબર ૩૦૧, **બ્લોક નંબર ૪૯૪,** જેનુ ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ હે. આરે. ૦–૯૬–૧૧ ચો.મી. પૈકી ૯૨૮૭ સમચોરસ મીટર જમીન કે જેનો સમાવેશ **ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર ૪૬** (ગોથાણ– ભરથાણા કોસાડ – કોસાડ – વરીયાવ) લાગુ પડતા **ફાયનલ પ્લોટ નંબર ૨૧૩** આપવામાં આવેલ. મજકુર બ્લોક નંબર ૪૯૪ પૈકી ટી.પી. સ્કીમ નંબર ૪૬ (ગોથાણ– ભરથાણા કોસાડ – કોસાડ – વરીયાવ) વાળી જમીન અંગે નગર રચના અધિકારી અને નગર નીયોજક–૧ દ્વારા તારીખ ૦૮/૦૧/૨૦૨૧ ના રોજ પત્ર નંબર

નરયો/નંબર ૪૬(ગોથાણ– ભરથાણા કોસાડ – કોસાડ – વરીયાવ)/ઓ.પી. નંબર ૨૧૩/૧૪૨ થી અભીપ્રાય આવતા ઓ.પી. નંબર ૨૧૩ નું ક્ષેત્રફળ ૯૨૫૧ સમચોરસ મીટર ધ્યાને લઈ ફાયનલ પ્લોટ નંબર ૨૧૩ નું ક્ષેત્રફળ ૫૫૫૧ સમચોરસ મીટર આખરી કરવામાં આવેલ. જે ફાયનલ પ્લોટ મુજબની ૫૫૫૧ સમચોરસ મીટર ઔદ્યોગીક હેતુ માટેની બીનખેતીની જમીનના માલીક મુખત્યાર અને કબજેદાર તરીકે હરે ક્રિષ્ના ઈન્ફ્રા એક ભાગીદારી પેઢી થયેલ અને ચાલી આવેલ છે.

આ રીતે સદરહું મિલકતના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ તેમજ બીન કરજી છે તે અંગેનો ટાઈટલ્સ રીપોર્ટ અમારી સમક્ષ રજુ થયેલ નીચેની વિગતના દસ્તાવેજી પુરાવાઓ તથા હમોએ લીધેલ જરૂરી સર્ચના આધારે આપવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ગામ નમુના નંબર ૭/૧૨, ૮(અ), હકકપત્રક નંબર ૬ ની નકલો. | ૨૭/૦૭/૨૦૨૧ |
| ૨ | રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર ૩૬૯ ની નકલ. | ૩૧/૦૩/૨૦૨૧ |
| ૩ | ભાગીદારી દસ્તાવેજની નકલ | ૧૯/૦૯/૨૦૧૬ |
| ૪ | સ્પલીમેન્ટ્રી ભાગીદારી દસ્તાવેજની નકલ | ૦૧/૦૨/૨૦૧૭ |
| ૫ | સ્પલીમેન્ટ્રી ભાગીદારી દસ્તાવેજની નકલ | ૧૬/૦૫/૨૦૧૭ |
| ૬ | ગણોતધારા કલમ ૬૩ હેઠળ મેળવેલ પરવાનગી હુકમની નકલ (૩૭/૨૨/૧૬/૦૩૭/૨૦૨૧) | ૨૦/૦૧/૨૦૨૧ |
| ૭ | બીનખેતી પરવાનગીના હુકમની નકલ (૯૪૦/૨૨/ ૧૬/૦૩૭/૨૦૨૧) | ૧૩/૦૮/૨૦૨૧ |
| ૮ | નગર રચના અધિકારી અને નગર નીયોજક–૧ ના પત્ર નંબર નરયો/ નંબર ૪૬(ગોથાણ– ભરથાણા કોસાડ – કોસાડ – વરીયાવ)/ઓ.પી. નંબર ૨૧૩/૧૪૨, તારીખ ૦૮/૦૧/૨૦૨૧ ના અભીપ્રાયની નકલ | ૦૮/૦૧/૨૦૨૧ |
| ૮ | સુરત મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા આપવામાં આવેલ વિકાસ પરવાનગી અને મંજુર પ્લાનની નકલ (પત્ર નંબર 002LD21220047) | ૨૩/૦૯/૨૦૨૧ |
| ૯ | સર્ચ અંગેની રસીદો. | ૨૪/૦૯/૨૦૨૧ |

AJEET B. LAKUM
(Advocate)
(G-0829-2003)

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : બ્લોક નં 494

Search in : કોસાડ /KOSAD

| પહોંચ નંબર | ૨૦૨૧૦૨૧૦૪૯૫૫૮ | અરજી નંબર | ૨૧૮૫૮ | અરજી વર્ષ | ૨૦૨૧ |
|---|---|---|---|---|---|
| તારીખ | ૨૪ | માહે | સપ્ટેમ્બર | સને | ૨૦૨૧ |

રજુ કરનારનું નામ અજીત બી લકુમ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

રજીસ્ટ્રેશન ફી...................................................................

નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો....................................

શેરોની નકલ કરવા માટે ફી................................................

ટપાલ ખર્ચ.......................................................................

નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )..........................

શોધ અગર તપાસણી.............Year: 2021 2021 ૧૨૦.૦૦

દંડ કલમ-૨૫....................................................................

કલમ-૩૪ (કલમ-૫૭ )......................................................

નકલ ફી ફોલીયો.............................................................

ઈન્ડેક્ષ-૨ ફી ..................................................................

| કુલ એકંદરે રૂ. | ૧૨૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા એક સો વીસ પુરા

દસ્તાવેજ ----------- ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ---------------- આવશે.
કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

BINALKUMARI GOVINDBHAI KHALASI
સબ રજીસ્ટ્રાર
સુરત - 4 Katargam

અંકે રૂ. : 120.00

20210924597241505

સબ રજીસ્ટ્રાર, સુરત - 4 Katargam

IGR-NIC(G) -5044161279673863105 (W) ૨૪/૦૯/૨૦૨૧ 17:43:48

 સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ અને ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

2021 મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in અજીત બી લકુમ    અરજી નંબર : 21858    ગામ નું નામ : KOSAD

મિલ્કતનું વર્ણન બ્લોક નં 494

દસ્તાવેજની આ શોધ Sub-Registrar Office(SRO) SURAT-4 Katargam મા -1 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પુરતોજ મર્યાદીત આ શોધમા તા________________ સસુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્શાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| ---------------------- NO DATA AVAILABLE --------------------------- | | | | | | | | |
| રૂ. | | | | | | | | |

સબ-રજીસ્ટ્રાર

Sub-Registrar Office(SRO) SURAT-4
Katargam

THE SEAL OF THE SUB REGISTRAR SURAT-4 (KATARGAM)

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : બ્લોક નં 494

Search in : કોસાડ /KOSAD

પહોંચ નંબર ૨૦૨૧૦૨૧૦૪૩૩૦૦ અરજી નંબર ૧૯૧૧૨ અરજી વર્ષ ૨૦૨૧

તારીખ ૨૩ માહે ઓગસ્ટ સને ૨૦૨૧

રજુ કરનારનું નામ અજીત બી લકુમ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી.......... | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.......... | |
| શેરોની નકલ કરવા માટે ફી.......... | |
| ટપાલ ખર્ચ.......... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ).......... | |
| શોધ અગર તપાસણી............Year: 1999 2012 | ૧૫૦.૦૦ |
| દંડ કલમ-૨૫.......... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ).......... | |
| નકલ ફી ફોલીયો.......... | |
| ઈન્ડેક્ષ-૨ ફી .......... | |

| કુલ એકંદરે રૂ. | ૧૫૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા એક સો પચાંસ પુરા

દસ્તાવેજ

---------- ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

---------- આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

Rajesh Laxmanbhai Chaudhari
સબ રજીસ્ટ્રાર
સુરત - 4 Katargam

અંકે રૂ. : 150.00

20210813563864054

સબ રજીસ્ટ્રાર, સુરત - 4 Katargam

THE SEAL OF THE SUB REGISTRAR સુરત-૪ (કતારગામ) SURAT-4

IGR-NIC(G) 3674313069397494389 (W) ૨૩/૦૮/૨૦૨૧ 15:20:24

# અરજી પહોંચ

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૧૦૧૮૦૫૨૦૧૫ | અરજી નંબર | ૩૩૭૫૪ | અરજી વર્ષ | ૨૦૨૧ |
| તારીખ | ૨૧ | માહે | ઓગસ્ટ | સને | ૨૦૨૧ |

રજુ કરનારનું નામ અજીત બી લકુમ ( કોસાડ બ્લોક નં 494

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........................................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........................................ | |
| શેરોની નકલ કરવા માટે ફી.................................................. | |
| ટપાલ ખર્ચ........................................................ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........................ | |
| શોધ અગર તપાસણી............Year: 1991 1999 | ૧૦૦.૦૦ |
| દંડ કલમ-૨૫........................................................ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........................................................ | |
| નકલ ફી ફોલીયો........................................................ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........................................................ | |

| કુલ એકંદરે રૂ. | ૧૦૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા એક સો શુન્ય પુરા

દસ્તાવેજ

— — — — — — — — — — ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

— — — — — — — — — — — — — — — . આવશે.

નકલ

કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

THE SEAL OF THE SUB REGISTRAR સુરત સીટી-૧ (અઠવા) SURAT CITY-1. (ATHWA) સત્યમેવ જયતે

Kuldeepsinh Natvarsinh Rathod
સબ રજીસ્ટ્રાર
સુરત - 1 City

અંકે રૂ. : 100.00

20210813833587489

સબ રજીસ્ટ્રાર, સુરત - 1 City

IGR-NIC(G) 7957937082829354576 (W) ૨૧/૦૮/૨૦૨૧ 17:52:51

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : બ્લોક નં-494,

Search in : કોસાડ /Kosad

| પહોંચ નંબર | ૨૦૨૧૩૨૨૦૦૧૬૧૩ | અરજી નંબર | ૫૮૯ | અરજી વર્ષ | ૨૦૨૧ |
|---|---|---|---|---|---|
| તારીખ | ૨૧ | માહે | ઓગસ્ટ | સને | ૨૦૨૧ |

રજુ કરનારનું નામ અજીત બી લકુમ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

રજીસ્ટ્રેશન ફી.................................................................

નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.....................................

શેરોની નકલ કરવા માટે ફી...............................................

ટપાલ ખર્ચ.......................................................................

નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )..............................

શોધ અગર તપાસણી............Year: 2012 2021 ૨૧૦.૦૦

દંડ કલમ-૨૫....................................................................

કલમ-૩૪ (કલમ-૫૭ ).........................................................

નકલ ફી ફોલીયો...............................................................

ઈન્ડેક્ષ-૨ ફી .....................................................................

THE SEAL OF THE SUB REGISTRAR સબ રજીસ્ટ્રાર, સુરત-૮, (રાંદેર) નો સિક્કો SURAT-8, (RANDER) સત્યમેવ જયતે

| કુલ એકંદરે રૂ. | ૨૧૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા બે સો દસ પુરા

દસ્તાવેજ ---------- ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ---------------- આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

BHADARKA VIKAS JETHALAL
I/C સબ રજીસ્ટ્રાર
સુરત - 8 રાંદેર

અંકે રૂ. : 210.00

20210813706740503

સબ રજીસ્ટ્રાર, સુરત - 8 રાંદેર

# સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ અને ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

2021

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in : અજીત બી લકુમ અરજી નંબર : 589 ગામ નું નામ : Kosad

મિલ્કતનું વર્ણન : બ્લોક નં-494,

દસ્તાવેજની આ શોધ Sub-Registrar Office(SRO) Surat-8(Rander) મા -10 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પુરતોજ મર્યાદીત આ શોધમા તા_________________ સસુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

**નોંધ** :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્શાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી ફેરખત/વેચાણ<br>રૂ|.36300000.00 | રે.સર્વે નં.301,બ્લોક નં.494 જેનુ ક્ષે.સુમારે હે.આરે.0-96-11 ચો.મી. જેનો આકાર 15.69 પૈસા વાળી જમીન પૈકી 9287.00 ચો.મી. જેનો ટી.પી.નં.46(ગોથાણ-ભરથાણા કોસાડ-કોસાડ-વરીયાવ) ફા.પ્લોટ નં.213 જેનુ ફા.પ્લોટ મુજબનુ ક્ષે.5572.00 ચો.મી. તથા હે.આરે.0-96-11 ચો.મી. પૈકી 324.00 ચો.મી. જેનો ટી.પી.નં.66(કોસાડ-વરીયાવ)ફા.પ્લોટ નં.111 જેનુ ફા.પ્લોટ મુજબનુ ક્ષે.227.00 ચો.મી. બન્ને ફા.પ્લોટો મળી કુલ ક્ષે.5799.00 ચો.મી.વાળી જુની શરતની ખેતીની જમીન. | | | હેમાબેન બહાદુરસિંહ<br>ટીનાબેન બહાદુરસિંહ<br>દિલહરબેન બહાદુરસિંહ<br>દિપકસિંહ બહાદુરસિંહ<br>સગુણાબેન નટવરસિંહ<br>જયરાજબેન નટવરસિંહ<br>જયનાબેન નટવરસિંહ<br>કૌશિકસિંહ નટવરસિંહ<br>યોગેન્દ્રસિંહ ચંદ્રસિંહ બાકરોલા<br>હિતેન્દ્રસિંહ ચંદ્રસિંહ બાકરોલા | ફ્રેકિષ્ના ઇન્ફ્રા એક ભાગીદારી પેઢી વતી અને તરફે તેના અધિકૃત ભાગીદાર તરીકે-વિપુલભાઇ પુનાભાઇ દોંગા | 30-03-2021<br>31-03-2021 | 369 | |

2012

2021

સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ અને ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in : અજીત બી લકુમ અરજી નંબર : 589 ગામ નું નામ : Kosad

મિલ્કતનું વર્ણન : બ્લોક નં-494,

દસ્તાવેજની આ શોધ Sub-Registrar Office(SRO) Surat-8(Rander) મા -10 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પુરતોજ મર્યાદીત આ શોધમા તા________________ સસુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્શાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી ફેરખત/વેચાણ<br>રૂ|.36300000.00 | રે.સર્વે નં.301,બ્લોક નં.494 જેનુ ક્ષે.સુમારે હે.આરે.0-96-11 ચો.મી. જેનો આકાર 15.69 પૈસા વાળી જમીન પૈકી 9287.00 ચો.મી. જેનો ટી.પી.નં.46(ગોથાણ-ભરથાણા કોસાડ-કોસાડ-વરીયાવ) ફા.પ્લોટ નં.213 જેનુ ફા.પ્લોટ મુજબનુ ક્ષે.5572.00 ચો.મી. તથા હે.આરે.0-96-11 ચો.મી. પૈકી 324.00 ચો.મી. જેનો ટી.પી.નં.66(કોસાડ-વરીયાવ)ફા.પ્લોટ નં.111 જેનુ ફા.પ્લોટ મુજબનુ ક્ષે.227.00 ચો.મી. બન્ને ફા.પ્લોટો મળી કુલ ક્ષે.5799.00 ચો.મી.વાળી જુની શરતની ખેતીની જમીન. | | | હેમાબેન બહાદુરસિંહ<br>ટીનાબેન બહાદુરસિંહ<br>દિલહરબેન બહાદુરસિંહ<br>દિપકસિંહ બહાદુરસિંહ<br>સગુણાબેન નટવરસિંહ<br>જયરાજબેન નટવરસિંહ<br>જયનાબેન નટવરસિંહ<br>કૌશિકસિંહ નટવરસિંહ<br>યોગેન્દ્રસિંહ ચંદ્રસિંહ બાકરોલા<br>હિતેન્દ્રસિંહ ચંદ્રસિંહ બાકરોલા | ફરેક્રિષ્ના ઇન્ફ્રા એક ભાગીદારી પેઢી વતી અને તરફે તેના અધિકૃત ભાગીદાર તરીકે-વિપુલભાઇ પુનાભાઇ દોંગા | 30-03-2021<br>31-03-2021 | 369 | |

સબ-રજીસ્ટ્રાર

Sub-Registrar Office(SRO) Surat-8 (Rander)

THE SEAL OF THE SUB REGISTRAR * SURAT-8, (RANDER) * સબ રજીસ્ટ્રાર, સુરત-૮, (રાંદેર) નો સિક્કો, સત્યમેવ જયતે

પ્રિન્ટ તારીખ : 21/08/2021